જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

**તા.૦૩/૦૧/૨૦૧૯ ગુરૂવાર**

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૧૪/૧૯

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૨૯ કેસ કરી, ૨૭ વ્યક્તિઓને ઝડપી, ૧૪૮ લીટર દેશી દારૂ, ૩૭ બોટલ ઈંગ્લીશ દારૂ, ૪૮ બિયર ટીન અને ૧ છોટા હાથી ગાડી કબજે કરી હતી. તેમજ જુગાર ધારા હેઠળ ૯ કેસ કરી ૨૪ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૮,૯૫,૪૬૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

## તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૧૫/૧૯

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૯૩ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૯ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

## વિશ્વાસઘાત અને છેતરપીંડી :- સમાચાર યાદી નં.૧૬/૧૯

**ગુજરાત યુનિવર્સીટીઃ** તૌફીકખાન નાસીરખાન પઠાણ (ઉ.વ.૩૧)(રહે.અશોક એપાર્ટમેન્ટ મીટરગેજ રેલ્વે સ્ટેશન રોડ સરસપુર) એ તા.૦૨/૦૧/૧૯ નારોજ ગુજરાત યુનિવર્સીટી પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૩૦/૫/૨૦૧૬ થી આજદીન સુધીના સમયગાળા દરમ્યાન વિજય ચાર રસ્તા નવકાર ઇંસ્ટીટ્યુટ સામે, એઓન કોમ્પલેક્ષ, “વક્રતુંડ એજ્યુકેશન એન્ડ ઇમીગ્રેશન પ્રા.લી. ખાતે આરોપી શ્રધ્ધાબહેન અંકિતભાઇ શાહ (રહે.સતવન અવિસા જોધપુર ગામ, ઇશાન-૧ સામે સીમા પાર્ટી પ્લોટ પાસે સેટેલાઇટ) એ તૌફીકખાનની પત્નીના નામે પી.આર.વીઝા કરી આપવાના બહાને કુલ રૂપિયા ૫૫,૦૦૦/- મેળવી લઇ, વિઝા નહી આપી નાસી જઇ તૌફીકખાન સાથે વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી કે.કે.ચૌધરી ચલાવે છે.

**કાલુપુરઃ** કેતનભાઇ રામજીભાઇ સોની (રહે.ગણેશ એપાર્ટમેન્ટ જેઠાભાઇની પોળ ખાડીયા) એ તા.૦૨/૦૧/૧૯ નારોજ કાલુપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૦/૦૮/૨૦૧૮ થી આજદીન સુધીના સમયગાળા દરમ્યાન આરોપી જયેશ સુરેશભાઇ રાજપુરા (રહે.હરીકૃષ્ણા એપાર્ટમેન્ટ જગાભાઇ પાર્ક રામબાગ મણીનગર) કાલુપુર રતનપોળ સ્વામિનારાયણ બિલ્ડિંગ ખાતે સોના-ચાંદીના દાગીના બનાવવાનું કામ કરતો હોય, કેતનભાઇ અવાર-નવાર મજુરી માટે બોલાવતા હોઇ, આજથી પાંચેક માસ પહેલા એક મહીનાની મુદત માટે જયેશને સોનાની જરૂર હોઇ ધંધા માટે ૪૪૦ ગ્રામ સોનુ કિમત રૂપિયા ૧૩,૨૦,૦૦૦/- ઉછીનુ આપેલ હતુ. જે ઉઘરાણી કરવા છતા પરત નહી આપી કેતનભાઇ સાથે વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એસ.બી.સરવૈયા ચલાવે છે.

**ક્રાઇમ બ્રાન્ચઃ** સતિષભાઇ અમૃતલાલ પટેલ (ઉ.વ.૩૭)(રહે.શીવદર્શનપાર્ક સોસાયટી. એસ.ટી.ફાટક પાસે, ન્યુ રાણીપ) એ તા.૦૨/૦૧/૧૯ નારોજ ક્રાઇમબ્રાંચ ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૮/૧૧/૨૦૧૮ બપોરના ૨/00 વાગ્યા પહેલા કોઇપણ સમયે ઘાટલોડીયા કે.કે.નગર રોડ પલક શોપીંગ સેન્ટર ખાતે આરોપી (૧) રોહીતસિંહ અમૃતસિંહ ચાવડા (રહે."ભવાની" ચારભાઇ બીડીવાળો ખાંચો, તિલકનગર ભાવનગર) (૨) ભરતસિંહ (રહે. મુન્દ્રા/ગોધાવી) (૩) જૈમીન શાહ (રહે.અમેરીકા) એ ભેગા મળી આરોપી નં.(૧) અને આરોપી નં.(૨) નાઓએ આ કામના સાહેદો દિલીપ રાજપુરા તથા સંજય પટેલ તથા સુરેશભાઇ પટેલ ઉર્ફે એસ.પી.(રહે.USA નો વિશ્વાસ કેળવી આરોપી નં.(૩) ના યુ.એસ.ડોલર ને સાહેદ સુરેશભાઇ પટેલના અમેરિકા ખાતેના બેંક એકાઉન્ટમાં જમા કરાવી ભારતીય ચલણમાં નાણા ટ્રાન્સફર કરી આપી કમિશન આપવાની વાત કરી, સાહેદ સુરેશભાઇ પટેલના બેન્ક એકાઉન્ટમાં ડોલર જમા થયાની બેન્કની સ્લીપના ફોટા વોટસએપથી મોકલી આપી સાહેદ સુરેશભાઇનાઓને વિશ્વાસ અપાવી, સાહેદ દિલીપભાઇનાઓ સાથે આરોપી નં.(૨) અને આરોપી નં.(૩) નાઓએ સતિષભાઇની દુકાન ખાતે જઇ રૂપિયા ૭,૬૧,૧૨૦/- અને બીજા દિવસે સતિષભાઇના ઘરે જઇ રૂપિયા ૧૦,૨૯,૫00/- મળી કુલ રૂપિયા ૧૭,૯૦,૬૨૦/- લઇ ગયેલ હતા. સુરેશભાઇના ખાતામા ડોલર જમા નહી કરાવી, સતિષભાઇને રૂપિયા પરત નહી આપી, સતિષભાઇ તથા સાહેદો સાથે છેતરપીંડી અને વિશ્વાસઘાત કર્યો છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી ડી.કે.ચૌધરી નાઓ ચલાવે છે.

**વસ્ત્રાપુરઃ** મનીશકુમાર નારાયણભાઇ જાન્ગીડ (ઉ.વ.૩૫)(રહે,ચીનાર બંગલો સંદેશ પ્રેસ રોડ બોડકદેવ) એ તા.૦૨/૦૧/૧૯ નારોજ વસ્ત્રાપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૭/૧૦/૧૮ કલાક ૯/30 વાગ્યાના સુમારે મનીશકુમારના એક્સીસ બેંકના એકાઉન્ટમાંથી અજાણી વ્યક્તિએ ડેબીટકાર્ડનો ઉપયોગ કરી  કુલ રૂપિયા ૪૦,૦૦૦/- ટ્રાન્ઝેક્શન કરી ઉપાડી લઈ મનીશકુમાર સાથે છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી ડી.વી.વાલાણી ચલાવે છે.

**<u>ચોરીઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૧૭/૧૯</u>**

**ગુજરાત યુનિવર્સીટીઃ** નિલમબહેન ડો/ઓ જ્યોતિન્દ્રભાઇ દવે (ઉ.વ.૪૫) (રહે.ચિરાગ ફ્લેટ ત્રણ ખુણીયા બગીચા સામે પોલિટેકનીક કોલેજની બાજુમા) એ તા.૦૨/૦૧/૧૯ નારોજ ગુજરાત યુનિવર્સીટી પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૯/૧૧/૨૦૧૮ સાજના ૫/00 વાગ્યાના સુમારે નિલમબહેનના છુટાછેડા લીધેલ પતિ માલકમ ઉર્ફે મેકખુશરૂ દાવર (રહે.મોકસી એરીટી ટ્રસ્ટ્બિલ્ડિંગ રોડ નંબર-૪ પારસી કોલોની દાદર મુબંઇ) નિલમબહેનના ઘરમાંથી રોકડ રૂપિયા ૪૦,૦૦,૦૦૦/- ચોરી કરી લઇ ગયો છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એ.કે.વાઘેલા ચલાવે છે.

**શહેરકોટડાઃ** દિપાલીબહેન વા/ઓ સુભાષભાઇ ભોંસલે (ઉ.વ.૩૫)(રહે.સ્વામીનારાયણ પાર્ક ફ્લેટ હરિદર્શન ચોકડી નવા નરોડા) એ શહેરકોટડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૧/૦૧/૧૯ બપોરના કલાક ૨/૧૦ થી ૩/00 વાગ્યા દરમ્યાન રાયખડ ચાર રસ્તા બી.આર.ટી.એસ.બસ સ્ટેન્ડથી મેમ્કો ચાર રસ્તા સુધીની બસની મુસાફરી દરમ્યાન બસમાં અજાણી વ્યક્તિએ દિપાલીબહેનની નજર ચુકવી પર્સની ચોરી કરી લીધી હતી. પર્સમાં સોનાની બુટી કિમત રૂપિયા ૮,૦૦૦/-, સોનાની નથણી કિમત રૂપિયા ૧૫00/- અને રોકડ રૂપિયા ૧૫,૦૦૦/- થતા જરૂરી દસ્તાવેજ હતા. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એસ.ડી.કલારા ચલાવે છે.

**લુંટની ફરીયાદઃ-** **સમાચાર યાદી નં.૧૮/૧૯**

**નિકોલઃ** મનીષાબહેન દિલીપસીંહ ગોહીલ (રહે.સતાધાર સોસાયટી, વિભાગ-૧ ખોડીયારનગર નિકોલ) તા.૭/૧૨/૨૦૧૮ સાજના ૫/૦૦ વાગ્યાના સુમારે નિકોલ ખોડીયારનગર ચાર રસ્તા નજીકથી પસાર થઇ રહ્યા હતા દરમ્યાન એક મોટર સાયકલ ઉપર આવેલ ત્રણ પુરૂષો મનીષાબહેનના ગળામાંથી સોનાનું ડોકીયુ કિમત રૂપિયા ૪૫,૦૦૦/- ખેચી તોડી લઇ નાસી ગયા હતા. આ અંગેની ફરીયાદ મનીષાબેહન ગોહીલે તા.૦૨/૦૧/૧૯ નારોજ નિકોલ પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એસ.વી.પટેલ ચલાવે છે.

**વાહન ચોરીઃ-** **સમાચાર યાદી નં.૧૯/૧૯**

**ઈસનપુરઃ** વિપુલભાઇ સુરેશભાઇ રાણા (રહે.કંગના સોસાયટી વિશાલનગર ગોવિંદવાડી રોડ ઇસનપુર) એ ઇસનપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૧/૦૧/૧૯ કલાક ૨/૩૦ વાગે પોતાના ઘર નજીક પાક કરેલ પોતાની મહીન્દ્રા પીક-અપ લોડીંગ ગાડી નંબર જીજે.૦૧.ડીયુ.૭૨૫૨ કિમત રૂપિયા ૩,૦૦,૦૦૦/- અજાણી વ્યક્તિ ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી વાય.જી.માથુકીયા ચલાવે છે.

**ગાય એ શિંગડું મારતા મૃત્યુઃ-** **સમાચાર યાદી નં.૨૦/૧૯**

**નારોલઃ** સમુબહેન વા/ઓફ જોઇતારામ કંકોડીયા (ઉ.વ.૮૦) (રહે.રાજહંસપાર્ક સિવાલીક સોસાયટી સામે નારોલ) તા.૦૨/૦૧/૧૯ સવારના ૧૦/૩૦ વાગ્યાના સુમારે પોતાના રહેણાંક નજીક કચરો નાખવા ગયા હતા ત્યારે ગાય એ સમુબહેનને શિંગડું મારેલ અને સમુબહેન ગાયના પગમાં કચડાઈ જતા ગંભીર ઈજાઓ થતા સ્થળ ઉપર તેમનું મૃત્યુ નિપજયું હતુ. આ અંગે નારોલ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી ઇન્તેખાબાલ્મ મુખતારહસન ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૨૧/૧૯**

**ગોમતીપુરઃ** સુનીતાબહેન વા/ઓ પ્રકાશભાઇ ચાવડા (ઉ.વ.૧૯) (રહે. વિવેકાનંદ કંપાઉન્ડ શહેર ગરીબ આવાસ યોજનાના મકાનમા ગોમતીપુર) એ અગમ્ય કારણસર તા.૦૧/૦૧/૧૯ રાતના ૧૦/૧૫ વાગ્યા પહેલા પોતાના રહેણાંક ખાતે પંખાના હુકમાં સાડી બાંધી ગળેફાસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે ગોમતીપુર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.ઇ.શ્રી સી.બી ટંડેલ ચલાવે છે.

**રામોલઃ** શંકરલાલ ભુરારામ સાલવી (રહે.શેરી નં-૨ પુર્વદીપ સોસાયટી રબારી કોલોની સી.ટી.એમ.) એ અગમ્ય કારણસર તા.૦૧/૦૧/૧૯ કલાક ૭/૦૦ વાગ્યા પહેલા વસ્ત્રાલ આર.ટી.ઓ પાસે આવેલ ગાર્ડન ખાતે ઝેરી દવા પી લીધી હતી.સારવાર માટે તેમને સીવીલ હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૦૨/૦૧/૧૯ કલાક ૨/૪૫ વાગે તેમનું મૃત્યુ નિપજયું હતુ. આ અંગે રામોલ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી ભીખુભાઇ ભલાભાઇ ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.